J. C. CENTRAL BOARD
WARD NO.
HAIRMAN:
EC. GENERAL
ECRETARY

# જૈન જાગૃતિ સેન્ટર
## કલાનગરી, વડોદરા.

પરસ્પર પ્રેમ અને પરિચય થી પાંગરતો પરિવાર...

| પ્રમુખ | ઉપ-પ્રમુખ | ઉપ-પ્રમુખ | સ્થાપક પ્રમુખ |
|---|---|---|---|
| દિનેશ નાણાવટી<br>૯૮૨૫૭૧૧૭૫૦ | ભરત દોશી<br>૯૮૨૪૦૧૦૯૫૦ | વિજય શાહ<br>૯૯૭૪૦૯૭૬૩૩ | હર્ષદ બગડીયા<br>૯૩૭૬૨૧૦૧૬૭ |

વ્હાલા સભ્ય મિત્રો,

આપ સૌ સ્વસ્થ અને કુશળ મંગળ હશો. છેલ્લા બે વર્ષમાં આપણે સૌએ કંઇકને કંઇક તકલીફો ભોગવી છે. હજી પણ કોરોના ને જુદા જુદા સ્વરૂપે સતત આપણી વચ્ચેથી વિદાય લેવાનું મન થતું નથી રહેવું છે. પરંતુ પરમાત્માને પ્રાર્થના સમગ્ર વિશ્વને આ કોરોનાના બંધનમાંથી મુક્ત કરવા હૃદય થી વિનંતી.

આપણા સેન્ટરે ૨૦૨૦ જાન્યુઆરીમાં સભ્ય ફી સ્વીકારેલી જેમાં ઘણા સભ્યોની આવી હતી, ઘણા ની બાકી રહેલ. બે કાર્યક્રમ થયેલા ત્યાર બાદ સમગ્ર વિશ્વ એક અનોખા બંધનમાં અટવાયુ અને દરેક જગ્યાએ સરકારી ધારા-ધોરણ અને નિયમોનું પાલન કરવાનું હોય, સામૂહીક કાર્યક્રમો બંધ થઇ ગયા.

વર્ષ ૨૦૨૧ માં થોડી છુટ છાટ થઇ વાતાવરણ થોડુ સુધરી ગયુ હતું તે સંજોગોમાં આપણે અન્ય ત્રણેક કાર્યક્રમો યોજ્યા અને **ગીફ્ટ** પણ આપી.

કોરોના સમય ગાળામાં અને ત્યાર પછી હવે ના સમયમાં હવે દરેક ચીજ વસ્તુના ભાવો માં ખૂબ વધારો થયો છે, જેના કારણે દરેક કાર્યક્રમ ખૂબ સમજી-વિચારી આયોજન બધ્ધ પ્લાનીંગ કરી કરવો પડે તેમ છે.

નવું વર્ષ જાન્યુઆરી ૨૦૨૨ થી શરૂ થશે, મુક્ત જીવન અને આનંદમય જીવન વ્યતીત કરવા આપણે સૌ ફરી જોડાઇ જઇએ. વર્ષ ૨૦૨૨ ની સભ્ય ફી ભરી સૌ સહકાર આપશો અને સંસ્થાને જીવંત રાખશો આપ સૌ પણ એક્ટીવ થઇ જસો. **તેમ છતાં આપણે સૌએ કોવીડ ના નિયમોનું પાલન તો કરવાનું જ છે.**

એક પ્રારંભિક કાર્યક્રમ તા. ૧૩ માર્ચ, ૨૦૨૨ ને રવિવાર ના રોજ સાંજે વડોદરા શહેરની એક નવી હોટલ **TARA SUNS**, ગોત્રી રોડ, યશ કોમ્પલેક્ષ ચાર રસ્તા પાસે, ગેરી રોડ, વડોદરા માં રાખેલ છે.

આ કાર્યક્રમ ***Just We Meet and Deliver Good Wishes to Each one.... Welcome New Year 2022***

કોઇ અન્ય કાર્યક્રમ સામેલ કરેલ નથી, આપણે સૌ મળીએ એક બીજાની ખબર અંતર પુછીએ અને નવા વિચારો અને નવા વાતાવરણ ને અનુલક્ષી સૌના મંતવ્ય અને માર્ગદર્શન પ્રમાણે નવા વર્ષના કાર્યક્રમનું આંશીક પ્લાનીંગ કરીએ.

વ્હાલા સભ્યોં વર્ષ ૨૦૨૨ ની "કપલ સભ્ય ફી" રૂા. ૪૫૦૦/- જ રાખેલ છે અને જેમાં અંદાજીત નવા કાર્યક્રમોનું પ્લાનીંગ વિચારી રહ્યા છે. આ સમગ્ર પ્લાનીંગ ની આપણે સૌ સાથે મળીને ચર્ચા કરીશું. સૌને માહીતગાર કરીશું તા. ૧૩ માર્ચ, ૨૨ ના પ્રથમ પ્રોગ્રામમાં, ... તો દરેક કમીટીં સભ્યો ને નમ્ર વિનંતી તમારા ગ્રુપ ના મેમ્બર સભ્યો નો સંપર્ક કરી વર્ષ ૨૦૨૨ ની સભ્ય ફી ચેક/રોકડ માં લઇ સંસ્થાની ઓફીસે જમા કરાવશો અને કોઇ રહી જાય તો તે સભ્યોને નમ્ર વિનંતી કે કાર્યક્રમના દિવસે અચુક ભૂલ્યા વગર તમારી સભ્ય ફીની રકમ જમા કરાવશોજી.

## કાર્યક્રમની રૂપ રેખા

**તારીખ : ૧૩-૩-૨૦૨૨, ને રવિવાર રજીસ્ટ્રેશન સમય સાંજે ૬.૩૦ કલાક**

**સ્થળ : હોટલ તારા સન્સ, ગોત્રી રોડ, યશ કોમ્પલેક્ષ ચાર રસ્તા પાસે, ગેરી રોડ, વડોદરા.**

આપ સૈના અદમ્ય સહકાર બદલ આભાર અને આવો જ સહકાર આપશો એવી નમ્ર વિનંતી.

**"મળેલ સમય ને કોઇપણ ભોગે જીવી લેજો, એક વાર સમય વહી ગયો તો તે પાછો નથી આવવાનો, લાખો રૂપીઆની મૂડી જીવન જીવ્યાનો આનંદ નથી આપવાની માટે નાની વાતો ને નાના નાના પ્રસંગોને ખૂબ આનંદથી જીવવાની ટેવ પાડો અને જીવન સ્વાસ્થ્યમય આનંદમય બનાઓ..**

લિ. મંત્રી,
અભય ફડીયા, ભાવેશ શાહ